## જન્મદિને વધામણી


જે સી શાહ
નિવૃત્ત નાયબ નિયામક (ના.પુ.)
ફોન : ૨૩૨૨૩૬૯૧


અજિત પી જોષી
મો. ૯૯૧૩૨ ૧૩૭૪૮


પ્રવીણકુમાર રમણભાઈ રાવલ
મો. ૯૮૨૫૭ ૨૧૨૬૧


મેહુલકુમાર વ્યાસ
મો. ૯૯૦૯૦ ૩૩૯૨૯


અવની દિપકકુમાર નિર્મલ
મો. ૯૪૨૮૪ ૧૭૧૦૧


રાવિ અશ્વિન પંડ્યા


મનિષાબેન ત્રિપાઠી


રામભાઈ પરમાર


શરદ વ્યાસ


સિકંદર મુજાવર


અશોક રાઠોડ

ગાંધીનગર, તા. ૫

ગુજરાત સ્ટેટ એક્વેટીકત એસોસિએશન દ્વારા સૅક્ટર-૨૧ જીમખાના સ્વિમિંગ પુલ ખાતે આયોજિત ૮મી ગુજરાત સ્ટેટ માસ્ટર એક્વેટીક ચેમ્પિયનશીપમાં પુલના સિનિયર સ્વિમર્સે ભાગ લીધો હતો. ૬ સ્વિમર્સને પ્રથમ, પાંચને દ્વિતિય અને ૧ સ્વિમરને તૃતિય સ્થાન મળ્યું હતું. આમ, કુલ ૧૨ પ્રમાણપત્રો પ્રાપ્ત કરી સ્વિમર્સે સચિવાલય જીમખાનાને ગૌરવ પ્રદાન કર્યું હતું.

આ સ્પર્ધામાં મનીષાબેન ત્રિપાઠીએ ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલ, ૨૦૦ મીટર ફ્રી સ્ટાઈલ, ૧૦૦ મીટર બૅક સ્ટ્રોક, ૨૦૦ મીટર ઈન્ડીવિડ્યુઅલ મીડલેમાં પ્રથમ સ્થાન, રામજીભાઈ પરમારે ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલ, ૫૦ મીટર બૅક સ્ટ્રોકમાં પ્રથમ, ૫૦ મીટર ફ્રી સ્ટાઈલ અને ૧૦૦ મીટર બૅક સ્ટ્રોકમાં દ્વિતિય, સિંકદર રસુલ મુજાવરે ૧૦૦ મીટર બૅક સ્ટ્રોકમાં દ્વિતિય, અશોક બી રાઠોડે ૨૦૦ મીટર ઈન્ડીવિડ્યુઅલ મીડલેમાં દ્વિતિય અને શરદ વ્યાસે ૨૦૦ મીટર ઈન્ડિવિડ્યુઅલમાં દ્વિતિય તથા ૧૦૦ મીટર બૅક સ્ટ્રોકમાં તૃતિય સ્થાતન પ્રાપ્ત કર્યું હતું.

# જ્યોતિ મહિલા મંડળ દ્વારા ગરબા શણગાર સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૫

જ્યોતિ મહિલા મંડળ, ગાંધીનગર દ્વારા બહેનો માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન તાજેતરમાં અરવિંદ કેન્દ્ર, સૅક્ટર-૨૩ ખાતે કરવામાં આવ્યું હતું.

ગરબા શણગાર સ્પર્ધામાં નર્મદાબેન પટેલ, મનિષાબેન ત્રિવેદી અને ભારતીબેન પોપટ અનુક્રમે વિજેતા બન્યાં હતાં.

શેરી ગરબા સ્પર્ધા વિવેક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમગ્ર ગાંધીનગર માટે યોજવામાં આવી હતી. આ પ્રસંગે ડૉ. પ્રવીણ ઓઝા અને મીનળબેન ઓઝાના વરદ્ હસ્તે પુરસ્કાર આપવામાં આવ્યા હતા.

કાર્યક્રમની વિશેષતા એ હતી કે નવદુર્ગાના સ્વરૂપનો સાક્ષાત્કાર કરવામાં આવ્યો હતો અને બટુક ભોજન પણ કરાવવામાં આવ્યું હતું.

નિર્ણાયક તરીકે સુધીરભાઈ દેસાઈ, જ્યોત્સનાબેન બુચ, મમતાબેન રાવલે પોતાની સેવાઓ પ્રદાન કરી હતી.

લતાબેન ચોક્સી, નીરૂબેન નાયક, કોકિલાબેન નાયક, મીનાબેન શાહ, જ્યોત્સનાબેન મણિયાર, રમીલાબેન મિસ્ત્રી, ચેતનાબેન બુચ, તારાબેન પટેલ, પ્રવીણાબેન ગામીત અને સંગીતા પંડ્યાએ જહેમત ઊઠાવીને કાર્યક્રમને સફળતા બક્ષી હતી. કાર્યક્રમનું સંચાલન કિન્નરી દવે દ્વારા કરવામાં આવ્યું હતું.



ગાંધીનગર જિલ્લામાં સૌપ્રથમ વાર સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ યોજાઈ હતી, જેમાં જુદી જુદી ૧૨ કૅટેગરીમાં રાજ્યભરમાંથી આવેલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. ટેબલ ટેનિસ એસોસિએશન ઓફ ગાંધીનગર દ્વારા આ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

એસોસિએશનના પ્રમુખ મિલિન્દ તોરવણે અને સૅક્રેટરી દિવ્યા પંડ્યાના નેતૃત્વમાં સભ્યો દ્વારા આ ટુર્નામેન્ટ સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવી હતી. મીની કેડેટ્સ, કેડેટ્સ બોય્ઝ એન્ડ ગર્લ્સ, સબ જુનિયર બોય્ઝ એન્ડ ગર્લ્સ, જુનિયર બોય્ઝ એન્ડ ગર્લ્સ, યુથ બોય્ઝ એન્ડ ગર્લ્સ અને મૅન તથા વિમૅન કૅટેગરીમાં આ ટુર્નામૅન્ટ યોજવામાં આવી હતી.

# ખુશ રહેવા માટે બીજા લોકોના વિચારો અને પ્રતિભાવો પર આધારિત ન રહો

## જરૂર ન હોય એ દિશામાં મગજને ન દોડાવો નહિ તો તમારી ઊર્જા વેડફાઈ જશે : બીકે શિવાની

ગાંધીનગર, તા. ૫

'ખુશ રહેવું એટલી સરળ બાબત છે પણ આપણે ખુશ રહેવા માટે લેટેસ્ટ આઈફોન લેવા જવું પડે છે. આનંદ વિનામૂલ્યે મળી શકે છે, તેના માટે કોઈ ભારે કિંમત ચૂકવવાની જરૂર નથી, તે માત્ર તમારા પર આધારીત છે.' ખુશીઓના ખજાનાની સરળ ચાવી આપતા બી.કે. શિવાનીએ આ વાત જણાવી હતી. અમદાવાદ મેનેજમેન્ટ અસોસિએશન ખાતે એએમએ વીકના સિલ્વર જ્યુબિલી યરની ઉજવણી રૂપે 'હેપ્પીનેસ'ની થીમ પર વ્યાખ્યાન યોજાઈ રહ્યા છે જેના બીજા દિવસે બ્રહ્માકુમારીઝના બી.કે. શિવાનીનું 'ડિસ્કવર ટ્રેઝર ઓફ હેપ્પીનેસ - ખુશીઓનો ખજાનો શોધો' વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું. તેમણે કહ્યું કે, ખુશીની તમારી અનુભૂતિ કેવી છે એ અગત્યનું છે, દુનિયા ખુશીની શું વ્યાખ્યા કરે છે એ નહીં. છેલ્લા સાત દિવસ યાદ કરો, એવી કઈ ક્ષણો હતી, જ્યારે તમને આનંદ થયો, કયા કારણોસર એ આનંદ જતો રહ્યો, એવું શું કરો તો એ આનંદ હંમેશા ટકી રહે, એના માટે કયો નિર્ણય લેવો જરૂરી, એ નિર્ણય લઈ શકીશ કે નહીં, હા કે ના, ક્યારેક નહિ હંમેશા ખુશ કેમ રહેવું એ સવાલ દરરોજ તમારી જાતને પૂછો.

તેમણે વધુમાં કહ્યું હતું કે દેવોની પાછળ જે ચક્ર જોઈ શકીએ છીએ એ તેનું આભાચક્ર છે, જે શ્વેત રંગનું હોય છે. તમે જે નિર્ણય કરશો એનાથી તમારું આભાચક્ર રચાશે, હકારાત્મક સંસ્કાર, ખુશી દ્વારા તેની સફેદી જાળવી રાખવા તમારે ધ્યાન કરવાની નહિ પણ ધ્યાન રાખવાની જરૂર છે. કારણ કે, તમે કોઈ વ્યક્તિને મળો ત્યારે પહેલાં તમારી આભા તેની આભાને મળે છે, પછી તમારા શબ્દો અને પછી તમારું વર્તન. મન એક બાળક જેવું છે, તમે તેને જેમ કહેશો તેમ વર્તશે, કોઈ ઘટના આપણને ડિસ્ટર્બ કરતી નથી પણ આપણે એનાથી ડિસ્ટર્બ થવાનું પસંદ કરીએ છીએ, તેથી પરિસ્થિતિ પર મનોસ્થિતિ આધારિત નથી એ વાત દઢપણે મનને સમજાવો. કોઈની નબળાઈને સાંભળવી કે સંભળાવી નહિ એવું વ્રત લો. કારણ કે, વ્રતો આપણી ઈચ્છા શક્તિ વધુ તેજ બનાવવા માટે છે, માત્ર ખાવા પીવાનું બંધ કરવા માટે નહીં, વ્રતને ઉપરના સ્તર સુધી લઈ જાઓ.

### વૈજયંતિ ગુપ્તે લિખિત મરાઠી કથાસંગ્રહ

# 'સ્પર્શ' અને 'સિતારા'નો લોકાર્પણ સમારંભ યોજાયો






ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરની સાહિત્ય સમૃદ્ધિમાં અભિવૃદ્ધિ કરતો કાર્યક્રમ તાજેતરમાં સંપન્ન થયો. સુંદર-સુયોજીત કાર્યક્રમમાં સાહિત્ય જગતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં લેખિકા શ્રીમતી વૈજયંતિ ગુપ્તેના કથાસંગ્રહ 'સ્પર્શ' અને 'સિતારા' નું વિમોચન કરવામાં આવ્યું. મહારાષ્ટ્રિયન પરિવારના સભ્ય વૈજયંતિ ગુપ્તે અતિ સંવેદનશીલ અને ઋજુ સ્વભાવ ધરાવે છે. જીવનના અનેક ઉતાર-ચઢાવમાંથી પસાર થયા બાદ મનમાં સંગ્રહાયેલી અતિસૂક્ષ્મ લાગણીઓને શાબ્દિક દેહ દ્વારા પુસ્તક સ્વરૂપે પ્રસ્તુત કરતાં તેઓએ હર્ષ અને સંતોષ વ્યક્ત કર્યો હતો.

સાહિત્ય જગતનું અને ગુજરાતનું ગૌરવ એવા ભાગ્યેશ જહા, અંજલીબેન રૂપાણી, મરાઠી સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ખોપલેકર તેમજ ગાંધીનગર સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત દ્વારા મંચ શોભાન્વિત હતો. કાર્યક્રમની શુભ શરૂઆત હેમા પંડિતના મધુર સ્વરમાં ગણેશવંદના અને સરસ્વતી વંદનાથી થઈ. મહેમાનોના સ્વાગત બાદ અંજલીબહેન વિજયભાઈ રૂપાણીના વક્તવ્યથી કાર્યક્રમની સુંદર શરૂઆત થઈ. મરાઠી સાહિત્ય સભાના અધ્યક્ષ ખોપલેકરે જણાવ્યું હતું કે, આજના સમયમાં સમાજમાં સંવેદનશીલતાની મોટી ખોટ વર્તાય છે. સૂક્ષ્મ સંવેદનાઓને આલેખવાની વાત તો દૂર; અનુભવવાનો પણ કોઈ પાસે સમય નથી ત્યારે વૈજયંતિબેન જેવી વ્યક્તિઓ સમાજ અને સાહિત્યની ધરોહર જેવા છે. લેખિકાની પોતાની પ્રત્યેક કૃતિમાં સમાજને કંઈક સંદેશ આપવાના પ્રયત્નને પણ તેઓએ ખાસ બિરદાવ્યો હતો.

ભાગ્યેશ જહાએ 'સ્પર્શ' અને 'સિતારા' બંને પુસ્તકોના નામનો પરસ્પર સંદર્ભ જોડતાં તેઓએ કહ્યું હતું કે, સાહિત્ય એટલે પ્રેમ. લેખકે સત્યમ-શિવમ-સુંદરમમાંથી પ્રેમના કોઈપણ સ્વરૂપના ઉપાસક હોવું આવશ્યક છે. કવિ કે લેખકને મળો ત્યારે વૃક્ષને મળ્યાનો આનંદ અનુભવાય એ જ ક્રીએટીવ ઉર્જા. હવે આવી રહેલા **Shrot Stroies**ના યુગની વાત કરતાં સુંદર ઉદાહરણોથી પ્રેક્ષકો મંત્રમુગ્ધ બન્યાં હતા. લખાણ કેવું હોવું જોઈએની વાત કરતાં તેમણે કહ્યું હતું કે **"It should be a slice of life and slice of life should be piece of Art"**

ગાંધીનગર સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજયભાઈ થોરાતે પુસ્તકના કેન્દ્રવર્તી વિચારને સંક્ષિપ્ત સ્વરૂપે રજૂ કરતાં જણાવ્યું હતું કે, આ કથાસંગ્રહમાં આત્મિયતાનો સ્પર્શ ઉડીને આંખે વળગે તેવો છે. કોઈ દંભ કે અસંસ્કૃત ભાષાના સહારા વિના કહેવાયેલી પ્રત્યેક વાત 'વરખની નહીં પણ હરખની છે.'

અંતમાં વૈજયંતિબેન ગુપ્તે દ્વારા પોતાની આ લેખનયાત્રાના વિચાર બીજની વાત ટૂકમાં રજૂ કરાઈ હતી અને તેમણે પુસ્તક સ્વરૂપ સુધી પહોંચાડવામાં મદદરૂપ થનાર સૌનો આભાર અભિવ્યક્ત કર્યો હતો.

આ કાર્યક્રમમાં વરિષ્ઠ સાહિત્યકાર દોલતભાઈ ભટ્ટ, સાહિત્ય સભાના પ્રમુખ નટવર હેડાઉ, ડૉ. અમરાવતકર, ડૉ. મુકુલ પંડિત લાયન્સ તેમજ લાયોનેસ ક્લબના પ્રમુખો, અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘના પ્રમુખ ધર્મિષ્ઠાબેન દવે, મીનળબેન ઓઝા ઉપરાંત મહારાષ્ટ્ર સમાજના અનેક અગ્રણી મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં. ગિરિશભાઈ ગુપ્તેએ સર્વેનો આભાર અભિવ્યક્ત કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન હેમાબેન પંડિતે સંભાળ્યું હતું.

# નક્કર જૉબના અભાવે રાષ્ટ્ર બ્રેઈન ડ્રેનવાળું થશે ?




તાજેતરમાં જ પૂર્વ નાણામંત્રી યશવંત સિંહાજીએ કેટલીક બાબતો ઉપર પોતાના વિચારો રજૂ કર્યા, તેથી રાજકિય દષ્ટિએ તેના ઉપર વિવિધ પ્રક્રિયાઓ જુદા-જુદા પક્ષ અને પ્રવર્તમાન પક્ષ તરફથી એટલે કે ભાજપા તરફથી પણ બહાર આવી. ભારતમાં પૂર્ણ લોકશાહી છે એટલે કોઈપણ વ્યક્તિને પોતાના મંતવ્યને પ્રજા સમક્ષ રજૂ કરવાની છૂટ છે. રાજકિય દષ્ટિએ જ બયાનબાજી કરવી એ ઉચિત નથી. નોટબંધી, જીએસટી અને ત્યારબાદ પૅટ્રો પદાર્થોની વધતી કિંમતના કારણે ભારતની જનતા જરૂરત કરતાં વધુ હતાશ થઈ ગઈ છે એ સ્પષ્ટ હકિકત છે. કડવી કે ભારે દવા પણ હળવા ડોઝથી થોડી થોડી માત્રામાં આપવાનો નિયમ છે. પરંતુ અહીં ભારતના કાયાકલ્પ કરવાના એજન્ડામાં અતિ તીવ્ર ગતિથી સવાલો વધી ગયા છે.

નોટબંધી થઈ ગઈ, જે થવાનું હતું તે થઈ ગયું અને જીએસટી ઉતાવળે અમલી કરાવી દીધું છે. પરંતુ અમલીકરણમાં પડતી મુશ્કેલીઓ પરત્વે ધ્યાન પૂરતું આપવામાં આવ્યું નથી તેથી રોષ છે ! આ દેશમાં સઘળાં લોકોને સઘળો સમય સુખી રાખી શકાય એ શક્ય જણાતું નથી. કારણ કે અહીં પ્રજાની વિકાસની, સંસ્કૃતિની, રિવાજોની ભરપૂર વિવિદતા છે. પ્રવર્તમાન સરકારને જે મતો મળ્યા હતા તેના પાયામાં એક શ્રદ્ધા બંધાઈ હતી કે મોદીજી વાસ્તવમાં અનેકવિધ પગલાં ભરી ન્યાયિક, સ્વચ્છ, પ્રગતિવાળું રાષ્ટ્ર બનાવશે અર્થાત ગમે તે નિર્ણય કરશે. પરંતુ આમ જનતાને રાહત જરૂર મળશે અને તેના કારણે જ તેઓ સત્તામાં પહોંચી શક્યા છે. હવે પ્રજામાં નિરાશા ઉત્પન્ન થઈ છે તેનો અભ્યાસ કરવો પણ જરૂરી છે.

સ્વીસ બૅન્કોમાં પડેલા કાળા નાણાં પરત લાવી શકાયા નથી અને એમાં ઘણાં કારણોસર સફળતા દૂર જ રહેશે અને પ્રજાને એ નાણાંનો લાભ કોઈ રીતે ઉપલબ્ધ નથી.

ચાલો, માની લીધું કે એ દિશામાં કંઈક થઈ રહ્યું છે પરંતુ ડિમોનીટાઈઝેશનથી પ્રજાને કયો લાભ થયો એ હજી કોઈને સમજાયું નથી જ ! જીએસટીની ઉતાવળ જે કરવામાં આવે એ પણ ભૂલ લાગે છે. ખબર નથી કે લાંબા ગાળે કઈ રીતે લાભ થશે પણ ટૂંકા ગાળે તો મોંઘવારી વધી. પેટ્રોલ ડીઝલમાં ભડકા તીવ્ર થયા. કેમ કે તેને જીએસટીના દાયરાથી બહાર રાખવામાં આવ્યાં છે. પેટ્રોલ-ડિઝલના ભાવ વધતાં મોંઘવારી ઉપર તેની અસર પડી છે. હવે મૂળ મુદ્દાની વાત કરીએ તો રોજગારી સર્જન એ અવિરત ચાલતી આર્થિક પ્રક્રિયા છે, તેમાં લયબદ્ધતા તૂટી છે. અટલજીએ તેમના સત્તાકાળમાં ચિંતા વ્યક્ત કરી હતી કે નવ યુવા વર્ગ ભણીગણીને વિદેશ જતો રહે છે એ જ દેશનું સૌથી મોટું નુકસાન અને ચિંતાનો વિષય છે. આ પ્રકારનું તેઓનું નિવેદન હતું. આજે પણ વિદેશમાં જવા આતુર યુવાવર્ગની કમી નથી. પરંતુ ઉછાળો આવ્યો છે. શા માટે ? ભારતમાં જૉબ પોતાની લાયકાત મુજબ પ્રાપ્ત નથી થતી અને ચીલાચાલુ ઢબે ડિગ્રીધારકો દર વર્ષે માર્કેટમાં આવી રહ્યા છે, તો ક્યાં સવાલો છે ?

ભણતરને ધંધો બનાવ્યો એના લીધે કે પછી વિકાસ નથી તેના લીધે ? અર્થતંત્રમાં ઊર્જા રહી નથી કારણ કે વધતા એનપીએના સ્તર અને રકમના કારણે બેન્કો ધિરાણ કરવામાં ભય અનુભવે છે. મોટા પ્રોજેક્ટોમાં બેન્ક લોન વિના કામ થઈ શકતું નથી એટલે કે એક વિષચક્રમાં અભણ અર્થતંત્ર ફસાઈ ગયું છે. બચતો તો થઈ શકતી જ નથી અને પુષ્કળ પરિવારો માબાપના પેન્શનના સહારે જીવી રહ્યા છે. જીડીપીમાં પ્રજાને ખબર નથી. તેઓ ઝંખે છે આર્થિક રાહત, બચત દર અને વ્યાજમાં વૃદ્ધિ, સરળ લોન, નવા રોજગાર, ભ્રષ્ટાચાર મુક્ત સરકારી વહીવટ અને આ બધામાં નકારાત્મક વાતાવરણ ઊભું થતું સ્પષ્ટ દેખાય છે.

સત્તાધારકો ઉપર પ્રજાનો વિશ્વાસ ટકી રહે તે ખૂબ જ જરૂરી છે અને તેના માટે વિજ્ઞાપનો કે હોર્ડિંગ્સથી કામ ચાલે તેમ નથી. પ્રવચન કરતાં વચન અને તેનું પાલન એ વધુ ઉત્તમ છે. મિશન ઉપાડીએ તો તેમાં કમી પણ રહે છતાં પરિણામ જરૂર મળે છે. રોજગારી ઊભી કરવી એનો અર્થ સ્પષ્ટ કરવો જરૂરી છે. વિદેશોમાં ગયા બાદ આપણા ઈજનેર, ડૉક્ટર્સ, કારીગર અહીં પરત આવતા નથી એ જબરૂં રાષ્ટ્રીય નુકસાન છે. તેને અટકાવવા સમયસર, ઍક્શન પ્લાન અમલમાં મૂકાય એ આજે રાષ્ટ્રની જરૂરિયાત બની ગઈ છે.

ડૉલરની સુગંધ કરતાં રૂપિયાની સુગંધ વધે તે બાબતે ચિંતા કરવી પડે તેમ છે. રિઝર્વ બૅન્ક નિષ્ક્રિયતામાં રહે અને પ્રશાસન માત્ર ઈલેક્શનમાં ગુંચવાયેલું રહે તો પ્રજા કદી રાહત નહીં પામી શકે.

**શેર આસ્વાદ**

ઉમ્ર ચાહે કિતની ભી હો
સુના હૈ
દિલ પર ઝૂર્રિયાં નહીં હોતી







(૧) ૨૦૧૮ કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કયા દેશમાં કરવામાં આવ્યું છે ?
(એ) ઓસ્ટ્રેલિયા
(બી) બ્રાઝિલ
(સી) ઈંગ્લેન્ડ
(ડી) કેનેડા

(૨) રોહિંગ્યા મુદ્દે કઈ વ્યક્તિ પાસેથી ઓક્સફર્ડ સન્માન પાછું લેવામાં આવ્યું છે ?
(એ) થીન સેન (બી) હિતેન ક્યાવ
(સી) આંગ સાંગ સૂ ચી (ડી) પનલંગ શિનાવાત્રા

(૩) વૈશ્વિક ઉદ્યમશીલતા સંમેલન ૨૦૧૭ કયા શહેરમાં યોજાશે ?
(એ) બેંગ્લોર (બી) કોચીન
(સી) નવી દિલ્હી (ડી) હૈદરાબાદ

(૪) કયા મંત્રાલયને સ્વચ્છતા પખવાડિયા માટે સર્વશ્રેષ્ઠ યોગદાન બદલ પુરસ્કૃત કરવામાં આવ્યું છે ?
(એ) સ્વાસ્થ્ય (બી) કૃષિ
(સી) ગૃહ (ડી) રક્ષા

(૫) તાજેતરમાં મળેલી મોનીટરી પોલીસી કમિટીની અધ્યક્ષતા કોણે કરી હતી ?
(એ) પ્રધાનમંત્રી (બી) આરબીઆઈ ગવર્નર
(સી) વિત્ત સચિવ (ડી) નાણા મંત્રી

(૬) ભારતના કયા રાજ્યની સરકારે નવી જમીન બેન્કની રચના કરી છે?
(એ) પંજાબ (બી) ગુજરાત
(સી) કર્ણાટક (ડી) ઓડીસા

(૭) વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના ઉપ મહાનિર્દેશક તરીકે તાજેતરમાં કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
(એ) લક્ષ્મી સ્વામીનાથન (બી) સોમ્યા સ્વામીનાથન
(સી) અમીથા રાજન (ડી) ગીતાલક્ષ્મી રાજન

(૮) વુશુ વિશ્વ કપ રમતમાં કઈ ભારતીય ખેલાડીએ ગોલ્ડ મેડલ જીતી ઈતિહાસ રચી દીધો છે ?
(એ) પૂજા કાદિયાન (બી) પૂજા વિનોદી
(સી) પૂજા વિજોય (ડી) પૂજા રાણા

(૯) ૨૦૧૮માં યોજાનાર કોમનવેલ્થ ગેમ્સની મશાલ ભારતમાં કયા શહેરમાં તાજેતરમાં પહોંચી હતી ?
(એ) ગુજરાત (બી) મુંબઈ
(સી) ઉત્તરાખંડ (ડી) દિલ્હી

(૧૦) ૨૦૧૭માં કેમિસ્ટ્રીનો નોબેલ પુરસ્કાર કેટલા વૈજ્ઞાનિકોને આપવાની જાહેરાત કરવામાં આવી છે ?
(એ) ૨ (બી) ૨
(સી) ૧ (ડી) ૩